# ગુજરાતમાં વધુ ૨૦ કેસ, કુલ ૧૨૮

| અમદાવાદ | વડોદરા | સુરત | રાજકોટ | ગાંધીનગર | ભાવનગર | કચ્છ | મહેસાણા | ગીરસોમનાથ | પોરબંદરમાં | પંચમહાલ | જામનગર | છોટાઉદેપુર | પાટણ | મોરબી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૩ | ૧૦ | ૧૬ | ૧૦ | ૧૩ | ૧૩ | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ |

## ગુજરાતમાં પણ કેસોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થતાં તંત્ર વધુ સક્રિય નવા કેસ પૈકી ૧૦ના પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે દિલ્હી મરકઝની સાથે સંબંધો

ગાંધીનગર, તા.૫

ગુજરાતમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. સાવચેતીના તમામ પગલા અને લોકડાઉનની સ્થિતિ હોવા છતાં નવા કેસો સપાટી ઉપર આવી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨૧થી પણ વધુ નવા કેસો સપાટી ઉપર આવ્યા છે જેમાં અમદાવાદમાં ૮ નવા કેસો સપાટી ઉપર આવ્યા છે. આની સાથે જ અમદાવાદમાં કુલ કેસોની સંખ્યા વધીને ૫૩ ઉપર પહોંચી છે જ્યારે ગુજરાતમાં કુલ કેસોની સંખ્યા વધીને ૧૨૯ ઉપર પહોંચી છે. છેલ્લા ૨૪ કલાકમાં વધુ એકનું મોત પણ થયું છે. કેસોની સંખ્યામાં વધારા વચ્ચે આજે પણ લેવામાં આવેલા પગલા અંગે માહિતી આપવામાં આવી હતી. રાજ્યના આરોગ્ય વિભાગના મુખ્ય સચિવ જ્યંતિ રવિએ કહ્યું હતું કે, કુલ નવા ૨૧ કેસો પૈકી ૧૦નો સંબંધ ગયા મહિને દિલ્હીના નિઝામુદીન તબલીગી જમાતના ધાર્મિક આયોજન સાથે પ્રત્યક્ષ અથવા પરોક્ષરીતે રહેલો છે. સુરતમાં ૬૧ વર્ષીય મહિલાનું મોત થયું છે. આની સાથે જ રાજ્યમાં કોવિડ-૧૯થી મૃત્યુ પામનાર લોકોની સંખ્યા ૧૧ ઉપર પહોંચી છે. ખતરનાક વધારતો જાય છે અને રીતસરનો હાહાકાર મચાવી રહ્યો છે, રાજયમાં આજે એક દિવસમાં અત્યાર સુધીના સૌથી વધુ ૨૧ પોઝિટિવ કેસ નોંધાયા છે. જામનગર અને સુરતમાં આજે એક-એક પોઝિટિવ કેસ સામે આવ્યા હતા. આ સાથે જ રાજયમાં કોરોનાના પોઝિટિવ કેસનો આંકડો ૧૨૯ પહોંચ્યો છે. જેમાં અમદાવાદમાં નવા આઠ કેસો સાથે કુલ કેસની સંખ્યા ૫૩ની થઈ છે. અત્યારસુધીમાં રાજયમાં કોરોના પોઝિટિવના કુલ ૧૧ દર્દીના મોત થઈ ચૂક્યા છે. તેમાં પણ પહેલા ૧૦ દિવસમાં ૫૫ પોઝિટિવ કેસ નોંધાયા હતા અને ૪ના મોત થયા હતા. હાલ રાજયના ૩૩ જિલ્લામાંથી કુલ ૧૩ જિલ્લામાં કોરોના પહોંચી ગયો છે. આ પહેલા રાજ્યમાં તા.૧૯ માર્ચે બે પોઝિટિવ કેસ સામે આવ્યા હતા. આ ૧૮ દિવસ દરમિયાન સૌથી વધુ ૧૬ કેસ આજે તા.૫ મી એપ્રિલે નોંધાયા છે. ગુજરાતમાં વધતા જતા કોરોના પોઝિટિવ કેસો પાછળ વિદેશી પ્રવાસીઓ કરતા લોકલ ટ્રાન્સમિશન વધવા લાગ્યું છે, જે ઘણી જ ગંભીર અને ચિંતાજનક બાબત છે. હાલ રાજયના ૩૩માંમાંથી કુલ ૧૩ જિલ્લામાં કોરોના પહોંચી ગયો છે. ગુજરાતમાં વધતા જતા કોરોના પોઝિટિવ કેસો પાછળ વિદેશી પ્રવાસીઓ કરતા લોકલ ટ્રાન્સમિશન વધવા લાગ્યું છે, જે ઘણી જ ગંભીર બાબત છે, ગુજરાતમાં કોરોના પોઝિટિવના કેસોમાં ૬૦ ટકા લોકલ ટ્રાન્સમિશનના છે. તેમાં પણ અમદાવાદમાં તો સૌથી વધુ કોરોનાના લોકલ ટ્રાન્સમિશન છે, અમદાવાદમાં કુલ કોરોના પોઝિટિવના ૫૩ કેસમાંથી ૨૫ લોકલ ટ્રાન્સમિશનના છે. ગુજરાતમાં કોરોનાના કારણે મૃત્યુ પામેલા કુલ ૧૧ માંથી ૭ લોકલ ટ્રાન્સમિશનના કેસ હતા. આજે તા.૫ એપ્રિલ સુધીમાં ગુજરાતના કુલ પોઝિટિવ ૧૨૯ કેસ સામે આવ્યા છે, જેમાં ૧૧ના મોત અને ૧૭ રિકવર થયાં છે. આરોગ્ય વિભાગના અગ્રસચિવ ડો.જયંતિ રવિએ આ અંગે વધુમાં જણાવ્યું કે, અમદાવાદમાં નવા ૮ કેસ, ભાવનગરમાં ૨, વડોદરામાં ૧, છોટાઉદેપુર ૧ અને સુરતમાં ૩ અને જામનગરમાં એક, મોરબીમાં એક, પાટણમાં એક કેસ સપાટી ઉપર આવ્યો છે. છોટાઉદેપુરના પાવીજેતપુર અને બોડેલી ગામનો શખ્સ તબલીઘ જમાતની મરકજથી પરત આવ્યો હતો. બે દિવસ પહેલા બે શખ્સ સહિત ૮ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાંથી બોડેલીના શખ્સનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. રાજ્યમાં જે કેસો નોંધાયા છે તે પૈકી સુરતમાં ૧૬, ગાંધીનગરમાં ૧૩, ભાવનગરમાં ૧૩, રાજકોટ, વડોદરામાં ૧૦-૧૦, પોરબંદરમાં ત્રણ, ગીરસોમનાથમાં બે, કચ્છમાં બે, મહેસાણા, પંચમહાલમાં એક-એક સપાટી પર આવ્યા છે. છોટાઉદેપુર, મોરબી અને જામનગરમાં આજે એક એક કેસ સપાટી પર આવ્યા છે. રાજ્યમાં કુલ ૨૩૫૪ નમૂનાની તપાસ કરવામાં આવી છે જે પૈકી ૮ના પરિણામ મળ્યા નથી. ૧૪૯૨૦ લોકો ક્વોરનટાઈન કરાયા છે.

# રાજ્યભરમાં દિપ પ્રગટાવાયા

ગાંધીનગર, તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલ પર આજે રવિવારે રાત્રે નવ વાગ્યાના ટકોરે દિપ પ્રગટાવવા, ટોર્ચ જલાવવા અને મોબાઈલની ફ્લેશ લાઈટ ચલાવવાનો અભૂતપૂર્વ કાર્યક્રમ યોજાયો હતો. અમદાવાદ સહિત રાજ્યભરમાં તમામ લોકો આમા જોડાયા હતા અને નવના ટકોરે તમામ લોકોએ તેમના ઘરોમાં તમામ લાઈટો બંધ કરી હતી અને મોદીની અપીલ મુજબ જ નવ મિનિટ સુધી દિપ પ્રગટાવવામાં આવ્યા હતા. ઘણા લોકોએ મોબાઈલની ફ્લેશ લાઈટ જલાવી હતી જ્યારે ઘણા લોકોએ ટોર્ચ જલાવીને મોદીની અપીલને સમર્થન આપ્યું હતું. અમદાવાદમાં ચારેબાજુ નવ વાગ્યાના ટકોરે તમામ ઘરોમાં લાઈટ બંધ કરી દેવામાં આવી હતી. તમામ સૂચનો પાળવામાં આવ્યા હતા. મોદીએ સૌથી પહેલા જનતા કર્ફ્યુની લોકોને અપીલ કરી હતી જેને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. ત્યારબાદ આજે ફરી એકવાર રાત્રે નવ વાગ્યાના ટકોરે દિપ પ્રગટાવવા માટેની અપીલ મોદી દ્વારા કરવામાં આવી હતી જેની અસર સમગ્ર રાજ્યમાં જોવા મળી હતી. તમામ જગ્યા પર લોકોએ દિપ પ્રગટાવ્યા હતા અને પોતાના ઘરના દ્વાર પર, બાલ્કનીમાં લોકો દેખાયા હતા અને નવ મિનિટ સુધી દિપ પ્રગટાવી, ટોર્ચ જલાવી કોરોનારુપ અંધકાર સામે સીધીરીતે પડકાર ફેંક્યો હતો. ગુજરાતમાં કોરોનાના કેસો પણ ચિંતાજનકરીતે વધી રહ્યા છે ત્યારે પ્રકાશની તાકાતનો પરિચય કરાવવા માટે મોદીએ લોકોને રવિવારે રાત્રે નવ વાગે દિપ પ્રગટાવવા માટે અપીલ કરી હતી જેની સીધી અસર લોકોએ દર્શાવીને તેનું પાલન કર્યુ હતું. આજે સવારે પણ ટ્વિટ કરીને મોદી દિપ પ્રગટાવવા માટે લોકોને યાદ અપાવી હતી. નવ વાગ્યા પહેલા જ લોકો દિપ પ્રગટાવવાની શરૂઆત કરી દીધી હતી. લોકો આના માટે પહેલાથી જ તૈયાર હતા. સોશિયલ ડિસ્ટન્સ જાળવવામાં આવ્યા હતા. અમદાવાદ શહેરના વિજય ચાર રસ્તા નારણપુરા, શાહપુર, દિલ્હી દરવાજા, શાહીબાગ, થલતેજ, મણિનગર સહિતના વિસ્તારોમાં લોકોએ અભૂતપૂર્વ પ્રતિસાદ આપીને દિપ પ્રગટાવીને કોરોનાને પડકાર ફેંક્યો હતો. ૨૧ દિવસનો લોકડાઉનનો ગાળો હાલ ચાલી રહ્યો છે. ૧૪મી એપ્રિલ સુધી આ ગાળો ચાલનાર છે. લોકો ઘરમાં છે ત્યારે વારંવાર કોરોને પડકાર ફેંકવા માટે મોદીના સૂચનો પાળવામાં આવી રહ્યા છે. જનતા કર્ફ્યુના દિવસે લોકોએ સાંજે પાંચ વાગે પાંચ મિનિટ માટે કોરોના સામે લડી રહેલા લોકોનો આભાર માનવા તાળી અને થાળી વગાડી હતી અને જોરદાર પ્રતિસાદ આપ્યો હતો. જો કે, એ વખતે નિયમોના ભંગ થયા હતા પરંતુ આજે લોકોએ તમામ નિયમો પાળ્યા હતા.



# ખેડબ્રહમાંના લક્ષ્મીપુરા પાસે થયેલ અકસ્માતમાં બે ફરિયાદો નોધાઈ

ખેડબ્રહ્મા તાલુકાનાં લક્ષ્મીપુરા ગામ પાસે શુકવાર ના રોજ એક બાઈક અને વેગન આર કાર વચ્ચે અકસ્માત થયો હતો જેમાં બે બાઈક સવાર અને કારમાં બેઠેલ બે વ્યક્તિઓને ઈજાઓ પહોચી હતી જેમાં પોલીસે બાઈક સવારો પર દારૂ નો જ્યારે કાર ચાલકે અકસ્માતની ફરિયાદ નોધાવી હતી.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન થી મળતી વિગતો અનુસાર ખેડબ્રહ્મા તાલુકાનાં દેરોલ(વા.) ગામના જૈન મંદિરમાં કામ કરતાં સુગનદેવી મગનલાલજી જૈન ને શ્વાશની બિમારી હોય તેમને સારવાર માટે ખેડબ્રહ્મા દવાખાને આવવાનું હોય ગામના મીતકુમાર પ્રમોદભાઈ મેસાણીયા પોતાની ગાડી વેગન આર. નબર જી.જે.૮.એઈ.૨૨૪૫ મંદિરમાં ડ્રાઈવર તરીકે કામ કરતાં અક્ષયકુમાર લીલભાઈ કાંટીને ડ્રાઈવર તરીકે લઈ ત્રણે જણા ખેડબ્રહ્મા ખાનગી દાખને આવેલ હતા અને દવા કરવી બપોરના સમયે લક્ષ્મીપુરા થઈ પરત દેરોલ(વા.) જતા હતા ત્યાતે લક્ષ્મીપુરા ગામ પાસે સિવિલ હોસ્પિટલ પાસે એક નબર વગરની બાઈક પર બે ઈસમો પોતાનું બાઈક પૂર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી આવતા કાર ને ટકકર મારી હતી અને બંને જણા રોડ પર પટકાઈ હયા હતા જેમાં બંનેના પગે અને હાથે ઈજાઓ પહોચી હતી. અને કારમાં બેઠેલ અક્ષયકુમાર અને સુગંદેવીએ ઈજાઓ પહોચી હતી જેથે મીત કુમાર નીચે ઉતરી જોતાં બિયક પર દારૂનો પોટલું બાંધેળ હતુ અને તમાથી સખત વાસ આવતી હતી જ્યાં લોકો ભેગા થઈ ગયા હતા અને જેથી સુગંનદેવી અને અક્ષય ને ખાનગી વાહનમાં ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ પહોચડેલ હતા અને બાઈક સવારોને વધુ ઈજાઓ પહોચી હોય તેમણે ૧૦૮ મારફતે ખેડબ્રહ્મા જનરલા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.



# જિલ્લા સમાંહર્તા ડીસા-થરાદના આઈસોલેશન વોર્ડની મુલાકાતે

ડીસા, તા. ૫

નોવેલ કોરોના વાયરસને કોવિદ-૨૦૧૯ને વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઈઝેશન ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા નોવેલ કોરોના વાયરસ કોવિદ-૨૦૧૯ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. મહામારીને અટકાવવા જો દર્દીઓની સંખ્યા વધે તો તાત્કાલીક પહોંચી વળવા માટે બનાસકાંઠા જિલ્લાના ડીસા અને થરાદ ખાતે યુધ્ધના ધોરણે તૈયાર કરેલા આઈશોલેશન વોર્ડની જિલ્લાના અધિકારીઓએ મુલાકાત લીધી હતી.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસ ફેલાય નહીં તે માટે કલેકટર સંદીપ સાગલેની સુચના અને માર્ગદર્શન પ્રમાણે આરોગ્ય વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ સખત પરિશ્રમ કરી રહ્યા છે. કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર માટે સરકારી આઈસોલેશન વોર્ડ ઉપરાંત ખાનગી હોસ્પીટલોમાં પણ વ્યવસ્થા તૈયાર કરવામાં આવી છે. પાલનપુર સીવીલ હોસ્પીટલમાં ૧૨૦ બેડની કોવિડ હોસ્પીટલ આઈસોલેશન વોર્ડ સાથે તૈયાર છે. આ ઉપરાંત ડીસા, થરાદ, વાવ, અંબાજી અને જિલ્લામાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે પણ દર્દીઓને સારવાર આપવાની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે. કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર માટે બનાસકાંઠા જિલ્લામાં બે ખાનગી હોસ્પીટલ તૈયાર કરાઈ છે. જેમાં ડીસા ખાતે ગાંધીલિંકન ભણશાળી હોસ્પીટલમાં ૮૦ બેડ અને પાલનપુર ખાતે સમર્પણ ખાનગી હોસ્પીટલમાં ૩૦ બેડની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. શ્રી રામચંદ સ્વરાજ હોસ્પીટલ ધાનેરા તથા તિરૂપતિ હોસ્પીટલ પાંથાવાડામાં પણ બેડ સહિત તમામ સુવિધા ઉપલબ્ધ કરાઈ છે જેનું જિલ્લા કલેકટર સંદીપ સાગલે,જિલ્લા વિકાસ અધિકારી અજય દહીયા સહિતના અધિકારીઓએ નિરીક્ષણ કર્યુ હતું અને આરોગ્ય વિભાગને જરૂરી સૂચનાઓ પણ આપી હતી.

આ બાબતે જિલ્લા કલેકટર સંદીપ સાંગલેએ જણાવ્યું હતું કે અમે આજે કોવિડ માટે તૈયાર કરેલ હોસ્પિટલની મુલાકાત લીધી છે અને જિલ્લા વહીવટી તંત્ર કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા તૈયાર છે આ ઉપરાંત આ બાબતે જિલ્લા આરોગ્ય અધિકારી મનીષ ફેન્સીએ પણ જણાવ્યું હતું કે કોરોના મામલે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા અત્યાર સુધી બહારથી આવેલા ૪૦ હજારથી વધુ લોકોના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.



### ઝગમગી ઉઠ્યો... ● પહેલા પાનાનું ચાલુ

વર્ગના લોકોએ મોદીની અપીલને જોરદારરીતે સમર્થન આપ્યું હતું. નવ મિનિટ સુધીના ગાળા દરમિયાન લાઈટો બંધ કરવામાં આવ્યા બાદ વિજળી ડુલ થશે તેવી અફવાનો પણ મોડી રાત્રે અંત આવી ગયો હતો. કારણ કે, કોઈ જગ્યાએ લાઈટો ડુલ થઈ ન હતી. લોકોએ ભવ્યરીતે ઉજવણી કરી હતી. મોદીએ લાઈટ બંધ કરી દિપ પ્રગટાવવા માટે અપીલ કર્યા બાદ જુદા જુદા પક્ષો તરફથી જુદી જુદી પ્રતિક્રિયા આવી હતી. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ ગઈકાલે કહ્યું છે કે, કોરોના વાયરસ આ પ્રકારની ગતિવિધિથી ભાગશે નહીં. હાલમાં મોદીએ રાષ્ટ્રને સંબોધનમાં રાત્રે નવ વાગે નવ મિનિટ ફાળવવા તમામ લોકોને અપીલ કરી હતી જેને આજે અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. લોકોએ તમામ જગ્યાઓ ઉપર દિપ પ્રગટાવી, ટોર્ચ જલાવીને કોરોને પડકાર ફેંક્યો હતો. કોરોના સામે જંગમાં વડાપ્રધાન મોદી દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. એક પછી એક બેઠકો કરીને દરરોજ જોરદારરીતે સક્રિય બનેલા છે. આજે રાત્રે નવ વાગે લોકો લાઈટો બંધ કરીને બાલ્કનીમાં દેખાયા હતા. આનાથી એકતાની ભાવના વધારે પ્રગટ થઈ હતી.

### બમણા કેસ... ● પહેલા પાનાનું ચાલુ

વ્યવસ્થા થઈ ચુકી છે. દેશભરમાં તમામ રાજ્યોમાં કુલ ૨૭૬૬૧ રાહત કેમ્પો અને સેલ્ટર બનાવવામાં આવ્યા છે જેમાં ૨૩૯૨૪ કેમ્પો સરકાર દ્વારા ચલાવવામાં આવી રહ્યા છે જ્યારે ૩૭૩૭ રાહત કેમ્પોનું સંચાલન બિન સરકારી સંગઠનો દ્વારા કરવામાં આવ્યું છે. શ્રીવાસ્તવે કહ્યું હતું કે, આ કેમ્પોમાં ૧૨.૫ લાખ લોકોને રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૯૪૬૦ ફુડ કેમ્પ ઉભા કરવામાં આવ્યા છે. આમાથી ૯૯૫૧નું સંચાલન સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે જ્યારે ૯૫૦૯નું સંચાલન એનજીઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે. ૧૩.૬ લાખ મજુરોને તેમના કંપનીઓ અથવા તો ઈન્ડસ્ટ્રી તરફથી શેલ્ટર અને ભોજનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી ચુકી છે. શ્રીવાસ્તવે કહ્યું હતું કે, રાજ્ય સરકારો લોકડાઉન હેઠળ તમામ દિશાનિર્દેશોને પાળી રહી છે. જરૂરી ચીજવસ્તુઓ અને સેવાઓની સ્થિતિ બિલકુલ સંતોષજનક દેખાઈ રહી છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર કોરોના વાયરસને રોકવા માટે અભૂતપૂર્વરીતે કામ કરી રહી છે. જુદા જુદા વિસ્તારમાં સ્થિતિ જટિલ ન બને તે માટે પણ પગલા લેવામાં આવી રહ્યા છે. તબલીગી જમાતના પરિણામ સ્વરુપે સ્થિતિ વધારે ખરાબ ન બને તે દિશામાં પણ પગલા લેવાઈ રહ્યા છે. આગામી દિવસોમાં વધુ જટિલરીતે તપાસ અને ધારાધોરણોને અમલી કરવામાં આવનાર છે. ઈન્દોરથી પ્રાપ્ત અહેવાલ મુજબ મધ્યપ્રદેશના આર્થિક પાટનગર ગણાતા ઈન્દોરમાં કોરોના વાયરસથી અસરગ્રસ્ત લોકોની સંખ્યા સૌથી વધારે છે. તબીબોની ટીમ પણ જ્યાં હુમલો કરવામાં આવ્યો હતો તે વિસ્તારમાં ૧૦ પોઝિટિવ કેસ સપાટી ઉપર આવ્યા છે. આરોગ્ય વિભાગ તરફથી જારી કરવામાં આવેલા અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, ભુલોના પરિણામ સ્વરુપે ઈન્દોર હવે હોટસ્પોટ બન્યું છે.

### મોદીની તમામ... ● પહેલા પાનાનું ચાલુ

ફોન પર વાત કરી હતી. ત્યારબાદ પ્રતિભા પાટીલ સાથે ફોન પર વાત કરી હતી. પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ અને એચડી દેવગૌડા સાથે વાત કરી હતી. લોકડાઉનના મુદ્દા ઉપર આક્રમક વલણ અપનાવી રહેલા કોંગ્રેસના અધ્યક્ષ સોનિયા ગાંધીએ પણ વડાપ્રધાન સાથે વાત કરી હતી. સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ, અખિલેશ યાદવ, મમતા બેનર્જી, બીજુ જનતાદળના વડા અને ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયક, ડીએમકેના વડા સ્ટાલિન, તેલંગાણાના મુખ્યમંત્રી કેસીઆર સાથે વાત કરી હતી. અકાળી નેતા પ્રકાશસિંહ બાદલ સાથે પણ વાત કરી હતી. મોદીએ તમામને કોરોના વાયરસ સમક્ષ બચાવ માટે લેવામાં આવેલા પગલા અંગે માહિતી આપી હતી. સાથે સાથે સૂચન કરવા માટે પણ કહ્યું હતું. જુદા જુદા રાજ્યોના મુખ્યમંત્રીઓ, રમતગમત સાથે જોડાયેલા લોકો, રેડિયો જોકી સહિત સમાજના દરેક વર્ગના લોકો સાથે મોદી વાતચીત કરી રહ્યા છે. ૮મી એપ્રિલના દિવસે ઓલ પાર્ટી મિટિંગ પણ બોલાવવામાં આવી છે જેમાં તમામને વિડિયો કોન્ફરન્સિંગથી ઉપસ્થિ થવા માટે કહેવામાં આવ્યું છે. સંકટના સમયમાં દેશવાસીઓને સંયમ જાળવવા અને સાથ આપવા માટે અપીલ કરી છે.

આપણે સુરક્ષિત તો રાષ્ટ્ર સુરક્ષિત
સત્યમેવ જયતે ગુજરાત સરકાર

કોરોના વાયરસના સંક્રમણ સામે
સેવારત કર્મચારીઓના મૃત્યુના કિસ્સામાં રૂા.૨૫ લાખની સહાય આપવાનો માનવતાભર્યો નિર્ણય





જીવલેણ કોરોના વાયરસને ગુજરાતમાં પ્રસરતો અટકાવવા સેવા અને સમર્પણ ભાવથી જાનના જોખમે ફરજ બજાવતા પોલીસ કર્મીઓ જો ફરજ દરમ્યાન કોરોના વાયરસની બીમારીથી અવસાન પામે તો તેઓને રૂા. ૨૫ લાખની સહાય કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો હતો

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો માનવતાવાદી અભિગમ
અન્ય સેવા કર્મીઓને પણ COVID-19 પરની ફરજ દરમ્યાન કોરોનાને કારણે અવસાન થાય તો રૂા.૨૫ લાખની સહાય આપવાની જાહેરાત કરી જેમાં...

- નગરપાલિકા અને મહાનગરપાલિકાના સફાઈ અને આરોગ્ય કર્મચારીઓ
- મહેસુલ વિભાગના કર્મચારીઓ
- હાલની લોકડાઉનની સ્થિતિમાં અનાજ સહિતની જીવન જરૂરી ચીજવસ્તુઓ અને પુરવઠા વિતરણની કામગીરી બજાવતા અન્ન અને નાગરિક પુરવઠાના કર્મચારીઓ
- સરકાર માન્ય સસ્તા અનાજના દુકાનધારકો



ખાદ્યતેલની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા મહત્વનો નિર્ણય



- રાજ્યમાં ખાદ્યતેલની અછત ઉભી ન થાય તે હેતુથી લોકડાઉનના સમય દરમ્યાન કપાસ જીનિંગ અને ઓઇલ મીલો ચાલુ રહેશે
- કપાસની જીનિંગ પ્રોસેસ માટે જીનિંગ મિલ્સ પિલાણ તેમજ પેકિંગ માટે કપાસ ઓઈલ મિલ્સ અને આ સમગ્ર પ્રક્રિયા સાથે જોડાયેલા ખેડૂતો, વેપારીઓ, પરિવહનની વ્યવસ્થા સાથે જોડાયેલા લોકો સ્થાનિક તંત્રની મંજૂરી લઈ કામગીરી કરી શકશે

રાજ્ય સરકારે કોરોના મહામારીને નાથવા કાર્યરત ખાનગી તબીબોને સહાયરૂપ થવાની ભાવનાથી ૪૫ હજાર જેટલા એન-૯૫ માસ્ક પૂરા પાડ્યા છે. - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત